MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

# ટૂકડા ટૂકડા જીવન' : એક દલિત સ્ત્રીની સંઘર્ષકથા

**Dr. Hareshkumar V Parmar**
Yogiji Maharaj Mahavidyalya Mahila Arts and Commerce College
Dist. Amreli, Dhari – 365640

**સારાંશ:**

આ આત્મકથાની શક્તિ તેની નિખાલસતા અને વાસ્તવિકતામાં રહેલી છે, પરંતુ કેટલીક બાબતોમાં તે વધુ એકરૂપ બની શકેત. ઘટનાઓનું નિરૂપણ ક્યારેક વિખરાયેલું લાગે છે, જેના કારણે વાચકને સમય અને ઘટનાઓના ક્રમને સમજવામાં મુશ્કેલી પડે છે. આ ઉપરાંત, આત્મકથામાં દલિત સમાજની આંતરિક સમસ્યાઓનું નિરૂપણ થયું છે, પરંતુ તેના ઉકેલ માટે નક્કર સૂચનો જોવા મળતા નથી. જો કે, આ સમીક્ષા આ રચનાના મહત્ત્વને ઘટાડતી નથી. કારણ કે, આત્મકથાનો મુખ્ય ઉદ્દેશ વાસ્તવિકતાને ઉજાગર કરવાનો છે, જેમાં તે સફળ રહી છે.

**ચાવીરૂપ શબ્દો:** *દલિત, દલિત સ્ત્રી, આત્મકથા. દલિત જીવન, દલિત સ્ત્રી શિક્ષણ, સંઘર્ષ, ડૉ. આંબેડકર, આંતરિક સમસ્યાઓ અને તેનો ઉકેલ.*

## પ્રસ્તાવના :

કાવેરીની આત્મકથા 'ટૂકડા ટૂકડા જીવન' (2017) દલિત સાહિત્યના ક્ષેત્રમાં એક અગ્રણી રચના છે, જે દલિત સમાજના જીવન, સંઘર્ષ અને અન્યાયનું સચોટ, હૃદયસ્પર્શી અને આક્રોશજનક નિરૂપણ કરે છે. આ આત્મકથા દલિત સાહિત્યની એક વિશિષ્ટ શૈલી સ્વરૂપ દલિત આત્મકથાનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં લેખિકા પોતાના અનુભવો દ્વારા સમગ્ર દલિત સમાજની વેદના, અસમાનતા અને સંઘર્ષને ઉજાગર કરે છે. આ રચના માત્ર વ્યક્તિગત જીવનની કથા નથી, પરંતુ એક સમાજની વાસ્તવિકતાનું દસ્તાવેજીકરણ પણ છે, જે સમાજમાં રહેલી જાતિવાદી માનસિકતા, અસ્પૃશ્યતા અને શોષણની ગંભીર સમસ્યાઓને ઉજાગર કરે છે.

આત્મકથા દલિત સાહિત્યના ઉદ્ભવના સંદર્ભમાં લખાયેલી છે, જે 1980ના દાયકામાં મહારાષ્ટ્રથી શરૂ થઈ અને ધીમે ધીમે ભારતના અન્ય રાજ્યોમાં ફેલાયું. દલિત સાહિત્ય એક આક્રોશનું માધ્યમ બન્યું, જેમાં જાતિગત શોષણ, અસમાનતા, અસ્પૃશ્યતા અને ધર્માંધતા સામે અવાજ ઉઠાવવામાં આવે છે. આ આત્મકથામાં આ પરંપરાને આગળ ધપાવતાં કાવેરીએ પોતાના જીવનના કડવા અનુભવો દ્વારા દલિત સમાજની વેદનાને રજૂ કરી છે. આ રચના દલિત આત્મકથાઓની વિશેષતાને સાકાર કરે છે, કારણ કે તે માત્ર વ્યક્તિગત વેદનાનું નિરૂપણ નથી, પરંતુ સમાજની વેદના અને તેના જીવનનો દસ્તાવેજ પણ છે.

**'ટૂકડા ટૂકડા જીવન' - કાવેરી**

'ટૂકડા ટૂકડા જીવન' એક દલિત સ્ત્રીના જીવનની સંઘર્ષગાથા છે, જે બિહારના ગરીબ દલિત પરિવારમાં જન્મેલી કાવેરીના અનુભવોને કેન્દ્રમાં રાખે છે. આ આત્મકથા દલિતોના જીવનમાં વ્યાપ્ત જાતિવાદ, ગરીબી, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને શોષણની વાસ્તવિકતાને ઉજાગર કરે છે. લેખિકાના બાળપણથી લઈને પુખ્તવય સુધીના અનુભવો દરેક પગલે જાતિવાદનો સામનો દર્શાવે છે. શાળામાં અસ્પૃશ્યતાના કારણે માર ખાવો, હોસ્ટેલમાં સવર્ણ છોકરીઓ દ્વારા ભેદભાવ, નોકરીના સ્થળે અપમાન અને સમાજમાં દરેક સ્તરે જાતિગત શોષણની ઘટનાઓ આ રચનાને એક શક્તિશાળી દસ્તાવેજ બનાવે છે.

**"अस्पृश्यता का दंश बचपन में लगा, जिसके कारण मैंने विद्यालय जाना बन्द किया। मेरा बचपना यह स्वीकार नहीं कर पाया कि सवर्णों के बच्चों का छुआ पानी शिक्षक पी ले और मुझसे बाल्टी छुआने पर मुझे चाँटा जड़ दे | मेरा कोमल मस्तिष्क यह सहन नहीं कर पाया। उस आघात से मैं क्षुब्ध हो गयी। मुझे बुखार से पीडित होना पड़ा। मेरी दादी जुझारू और शक्तिमती थी ये अपनी पोती पर हुए अत्याचार** को **सहन नहीं कर पायीं | जाकर शिक्षक को खूब फटकारी। यहाँ से जीवन का प्रथम टुकड़ा शुरू हुआ।"**[i]

આત્મકથાનું શીર્ષક 'ટૂકડા ટૂકડા જીવન' લેખિકાના વિખેરાયેલા, ખંડિત જીવનનું પ્રતીક છે, જે જાતિવાદ, ગરીબી અને અન્યાયના કારણે ટુકડાઓમાં વહેંચાયેલું રહ્યું. લેખિકાનું જીવન એક એવી લડતનું પ્રતીક છે, જેમાં તેઓ દરેક પગલે હાર નથી માનતી અને શિક્ષણ તેમજ સ્વાભિમાનના બળે આગળ વધે છે. આ રચના દલિત ચેતના અને સ્ત્રી સશક્તીકરણનું પણ ઉદાહરણ છે, કારણ કે કાવેરી એક મજબૂત, બહાદુર અને સ્વાભિમાની સ્ત્રી તરીકે ઉભરી આવે છે.

આત્મકથાનું સૌથી મહત્ત્વનું પાસું એ જાતિવાદનું વાસ્તવિક અને કઠોર નિરૂપણ છે. લેખિકાએ બાળપણથી જ અસ્પૃશ્યતાનો દંશ સહન કર્યો છે. શાળામાં ડોલને સ્પર્શવા બદલ શિક્ષકનો માર, હોસ્ટેલમાં સવર્ણ છોકરીઓ દ્વારા અલગ રાખવું, જેમ કે,

**"उन्हे ट्रेनिंग के समय पहला अपमान सीनियर लड़कियों द्वारा सहना पड़ा। एक दिन वे पता कर रही थीं। अवर्ण लड़कियां कौन हैं। रंग-रूप एवं लहलाव सरस्वती पूजा पहनावा से पता नहीं लग रहा था। एक सीनियर इन मामलों में चतुर थी। एक नकली फॉर्म लेकर आयी। नीचे हॉल में हम नई लड़कियाँ थी। उसने फॉर्म दिखाकर कहा- जो एस.सी. लड़कियाँ हैं उन्हें यह फॉर्म भरना है। कौन-कौन है। एक भोजपुर की निडर लड़की थी। उसने कहा क्या बात है। हम सब बोली। तब उसने कहा अच्छा ठीक है, कल फॉर्म भरना। उन्हें तो सिर्फ जाति का पता करना था । वे हॉल की लड़कियों को सरस्वती पूजा की तैयारी में नहीं लगायीं। दूसरे रूम की लड़कियों को ले गयी। मेरा विद्रोही मन भड़क गया। मैं सबक सिखाने का मौका ढूँढ़ने लगी।"**[ii]

શિક્ષણ મેળવવાની સાથે સાથે ઘરકામમાં પણ મદદ કરવી પડતી હતી. એક દિવસ પિતાજીને ખાવાનું આપવા માટે કાવેરી ખેતર જાય છે. ત્યાં ગોળ બનાવવાનું કામ ચાલતું હતું. એક હાથમાં ભોજન અને બીજા હાથમાં પાણી લઈ કાવેરી ખેતર વચ્ચે એકલી ચાલી જતી હતી ત્યારે પાછળથી સવર્ણનો છોકરો આવીને એને પકડી લે છે અને છેડતી કરીને ભાગી જાય છે. આવી હાલતમાં તે કશું જ કરી શકતી નથી અને ભાગી પણ શકતી નથી. તે આવી વાત કોઈને કહી પણ શકતી નથી. અપમાનનો ઘૂંટડો તે મુંગે મોઢે ગળી જાય છે. આવા કડવા અનુભવો વચ્ચે ઝૂજતી નાયિકા કેટલાયે સંઘર્ષોમાંથી પસાર થાય છે. લેખિકા પોતાની વેદના વ્યક્ત કરતાં લખે છે -

**"सामाजिक, आर्थिक एवं जातीय संघर्ष सहने के बावजूद कोई सफलता एवं संघर्ष के अच्छे परिणाम जीवन में नहीं आये। मैं अन्धविश्वास, गरीबी के दलदल में पली, बचपन को बहुत मुश्किल से आगे बढ़ाया। ठोकर खाती जिन्दगी। आँधी-तूफान के बीच डगमगाती रही। जीवन की लौ कभी समान गति में नहीं रह पायी।"**[iii]

નોકરીના સ્થળે સવર્ણ સહકર્મચારીઓનું મીઠું બોલીને અંદરખાને ભેદભાવ રાખવો અને સમાજમાં દરેક સ્તરે દલિત હોવાના કારણે અપમાનનો સામનો અહીં વર્ણવવામાં આવ્યા છે. ખાસ કરીને, લેખિકાના પતિને નોકરીમાં પ્રમોશન ન મળવું અને ગાડી લઈને ઓફિસ જવા બદલ સવર્ણોની ઈર્ષ્યાનો ભોગ બનવું એ જાતિવાદી માનસિકતાનું ઉદાહરણ છે.

કાવેરીના પતિએ ગાડી લીધી અને ગાડી લઈને જ્યારે તે નોકરી પર જવા માંડ્યો ત્યારે અન્ય સવર્ણ નોકરિયાતો જે તેની સાથે નોકરી કરે છે. તેમની ઈર્ષ્યાનો તે ભોગ બને છે અને તેને કેટલુંય

માનસિક ઉત્પીડન સહન કરવું પડે છે. લેખિકા આવા જાતિગત ભેદભાવનો ઉલ્લેખ કરતાં લખે છે. -

**"मेरे पति मेरे पिता की तरह निकले। ये भी शादी करवाने में तेज हैं। अपने रिश्तेदार की लड़की की शादी एक टी.टी. से करवा दिये। लड़का कोलियरी में टीटीओ है। देखने में स्मार्ट । घर से सुखी सम्पन्न । जल्द ही अल्टो कार ले लिया। अल्टो कार से ड्यूटी जाता। अपनी गाड़ी पार्किंग करके जब अन्दर घुसता तो इसके ऊंचे अधिकारी जल-भून जाते। एक दलित होकर गाड़ी से ड्यूटी आता है? बड़े साहब गार्ड को कहा ! तुम उस लड़के को कहो। वहाँ अपनी गाड़ी पार्किंग न करे ।"**[iv]

આ ઘટનાઓ સમાજની સંકુચિત માનસિકતા અને દલિતોના વિકાસને રોકવાના પ્રયાસોને ઉજાગર કરે છે.

આ ઉપરાંત, લેખિકાએ દલિત સમાજની આંતરિક સમસ્યાઓ - જેવી કે અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, ગરીબી અને દલિતોમાં એકબીજા પ્રત્યેની ઈર્ષ્યાને પણ રજૂ કરી છે. લેખિકા કહે છે કે -

**"जब मैंने अपनी कठोर मेहनत से एम.ए. की डिग्री प्राप्त की। ब्राह्मण और सवर्ण कम अपने दलित शिक्षिक ही मुझसे द्वेष करने लगे। मैंने प्रोन्नति के लिए डी.वी.सी. के मुख्यालय कलकत्ता में अपना मार्क्स और सारे कागजात भेजा। मैंने मिडिल स्कूल में कार्यभार संभाला था। पूरे पन्दरह साल हो गये थे। डिग्री हासिल करने के बाद भी प्रोन्नति में काफी अड़चन आई । मैंने प्रयास किया। लड़ाई लड़ी। खुद जाकर हेडमास्टर में ए.डी.पी. से मिली। तब मुझे सफलता मिली।"**[v]

દલિતોમાં શિક્ષણનો અભાવ અને અંધશ્રદ્ધાઓનું ચિત્ર, જેમ કે ભૂત-પ્રેત ભગાડવાના નામે સ્ત્રીઓ પર બળાત્કાર, ગરીબીમાં પણ દેણાં લઈને પ્રસંગો ઉજવવા, અને દારૂમાં પૈસા ખર્ચવા જેવી ઘટનાઓ, દલિત સમાજની દયનીય સ્થિતિને રજૂ કરે છે. આ આંતરિક સમસ્યાઓ દલિતોના વિકાસમાં અડચણરૂપ બની રહે છે.

આત્મકથાનું સૌથી પ્રેરણાદાયી પાસું એ કાવેરીની દલિત ચેતના અને સ્વાભિમાન છે. તેઓ દરેક પગલે જાતિવાદ, શોષણ અને અપમાનનો સામનો કરે છે, પરંતુ હાર નથી માનતી. શિક્ષણને પોતાનું શસ્ત્ર બનાવી, તેઓ આગળ વધે છે અને નોકરી મેળવે છે. તેમનું સ્વાભિમાન તેમની દરેક ક્રિયામાં ઝળકે છે - જેમ કે, સવર્ણ શિક્ષકના ઘરે અલગ કપમાં ચા આપવામાં આવે ત્યારે તે નકારી કાઢવી, અથવા પતિના પ્રમોશન માટે કલકત્તા જઈને અધિકારીઓ સમક્ષ લડત આપવી. આ ઘટનાઓ કાવેરીની ક્રાંતિકારી અને સશક્ત સ્ત્રીની છબી ઉભી કરે છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

લેખિકા શિક્ષિત અને હોશિયાર હોવા છતાં સવર્ણોએ તેમને સ્પર્શવાની ના પાડી હતી. નોકરીના સ્થળે સમાજમાં એમને અનેક રીતે સતામણી કરવામાં આવી હતી. સાથે દલિતોમાં નૌકરીના સ્થળે એક હીનતાબોધ જોવા મળે છે. લેખિકા લખે છે કે -

**"मैंने महसूस किया है दलितों में दब्बूपन और संकोची स्वभाव जड़ जमाये हैं। शिक्षा-दीक्षा, रंग-रूप में अभिजात वर्ग से उत्तम होते हुए भी हीनता का भाव । वर्णवाद का दंश झेलता चेहरा। जहाँ तक खान-पान का सवाल है तो वैदिक युग में पशुबलि प्रथा अभिजातो में चरम सीमा पर थी। अभी भी मैं ब्राहमण और बंगाल के ब्राहमण सब जीव-जन्तु खाकर डकारते तक नहीं। फिर दलितों को खान-पान लेकर क्यों अपमानित करते हैं?"**[vi]

કાવેરીની લડાઈ માત્ર વ્યક્તિગત નથી, પરંતુ સમગ્ર દલિત સમાજના ઉત્થાન માટે છે. શિક્ષણને કારણે દલિતો શિક્ષણ અને નોકરીની તકો મેળવી શક્યા. તેમનું આ વલણ દલિત સમાજને જાગૃત કરવા અને સ્વાભિમાન જાગૃત કરવાનો પ્રયાસ છે.

આત્મકથાની ભાષા સરળ, સ્પષ્ટ અને લાગણીસભર છે, જે વાચકના હૃદયને સ્પર્શે છે. લેખિકાએ હિન્દી ભાષાનો ઉપયોગ એવી રીતે કર્યો છે કે તેમની વેદના, આક્રોશ અને સ્વાભિમાન સીધા વાચક સુધી પહોંચે. ઘટનાઓનું નિરૂપણ એટલું જીવંત છે કે વાચક લેખિકાના અનુભવોને પોતાની આંખે જોતા હોય તેવું અનુભવે છે. દલિત સમાજની ગરીબી, અજ્ઞાનતા અને જાતિવાદની વાસ્તવિકતાને રજૂ કરવામાં લેખિકાની નિખાલસતા પ્રશંસનીય છે. ભાષામાં આક્રોશનો સૂર હોવા છતાં, તેમાં એક આશાવાદ અને સંઘર્ષની ભાવના પણ જોવા મળે છે, જે આ રચનાને પ્રેરણાદાયી બનાવે છે.

## મૂલ્યાંકન

'ટૂકડા ટૂકડા જીવન' દલિત સાહિત્યના ક્ષેત્રમાં એક મહત્ત્વનું યોગદાન છે, કારણ કે તે દલિત સ્ત્રીના દૃષ્ટિકોણથી લખાયેલી છે, જે જાતિવાદ ઉપરાંત લૈંગિક શોષણની વાસ્તવિકતાને પણ ઉજાગર કરે છે. આ રચના દલિત સમાજની આંતરિક અને બાહ્ય સમસ્યાઓને રજૂ કરીને સમાજને આયનો ધરાવે છે, જેથી જાતિવાદ અને અસમાનતાનો અંત લાવવા માટે પ્રયાસો થાય. લેખિકાનું સ્વાભિમાન અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા દલિત યુવાનો માટે પ્રેરણાસ્રોત છે.

આ આત્મકથાની શક્તિ તેની નિખાલસતા અને વાસ્તવિકતામાં રહેલી છે, પરંતુ કેટલીક બાબતોમાં તે વધુ એકરૂપ બની શકેત. ઘટનાઓનું નિરૂપણ ક્યારેક વિખરાયેલું લાગે છે, જેના કારણે

વાચકને સમય અને ઘટનાઓના ક્રમને સમજવામાં મુશ્કેલી પડે છે. આ ઉપરાંત, આત્મકથામાં દલિત સમાજની આંતરિક સમસ્યાઓનું નિરૂપણ થયું છે, પરંતુ તેના ઉકેલ માટે નક્કર સૂચનો જોવા મળતા નથી. જો કે, આ સમીક્ષા  આ રચનાના મહત્ત્વને ઘટાડતી નથી. કારણ કે, આત્મકથાનો મુખ્ય ઉદ્દેશ વાસ્તવિકતાને ઉજાગર કરવાનો છે, જેમાં તે સફળ રહી છે.

## નિષ્કર્ષ

'ટૂકડા ટૂકડા જીવન' એક એવી આત્મકથા છે, જે દલિત જીવનની કઠોર વાસ્તવિકતાને નિખાલસતાથી રજૂ કરે છે. કાવેરીની સંઘર્ષગાથા દલિત ચેતના, સ્વાભિમાન અને શિક્ષણના મહત્ત્વને ઉજાગર કરે છે. આ રચના જાતિવાદ, ગરીબી અને અસમાનતા સામે લડવાની પ્રેરણા આપે છે અને સમાજને એક નવું દૃષ્ટિકોણ આપે છે. આ આત્મકથા દલિત સાહિત્યનું એક મહત્ત્વનો દસ્તાવેજ છે, જે દરેક વાચકને સમાજની વાસ્તવિકતા સાથે જોડે છે અને એક સમાનતાવાદી સમાજના નિર્માણ માટે પ્રેરણા આપે છે.

**संदर्भ :**

***टुकड़ा-टुकड़ा जीवन***, **कावेरी, दिल्ली : ईशा ज्ञानदीप, 2017, मु. 395.**

[1] ***टुकड़ा-टुकड़ा जीवन***, **कावेरी, दिल्ली : ईशा ज्ञानदीप, 2017, मु. 395. पृ. 7**

[1] वही. पृ. **24**

[1] [1] वही, पृ. **77**

[1] वही, पृ. 84

[1] वही. पृ. 96

[1] वही. पृ. 121

Certificate No.:03052025018


**MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)**

**International Peer Reviewed and Refereed Journal**


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. Hareshkumar V Parmar**

In recognition of the publication of the paper entitled

**ટૂકડા ટૂકડા જીવન' : એક દલિત સ્ત્રીની સંઘર્ષકથા**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**